# ગઝલ

## –સુનીલ શાહ–

**.1.**

જે મળે સ્વમાનના ભોગથી, એ સહાયતાનું હું શું કરું ?
અને હોય ઠાલી જો મન વીના, એ ઉદારતાનું હું શું કરું ?

કદી હાથ જોડું, નમાવું છું, કદી માથું કોઈની સામે; પણ,
ગમે ત્યાં મને જે ઝુકાવી દે, તો એ સૌમ્યતાનું હું શું કરું ?

ફરી શોધવું નથી રણ કશે, જે મળ્યું એ પુરતું છે હવે,
પછી ઝાંઝવાં અને રેતની નવી વારતાનું હું શું કરું ?

હું સતત ચડાવું છું સત્યને, અહીં રોજ તર્કની એરણે,
અહીં મારી શ્રદ્ધા અનોખી છે, તો એ માન્યતાનું હું શું કરું ?

ભલે ભક્તીભાવ સભર હશે, અહીં દાન, તપ અને શીલ પણ;
ન મળે હૃદયની વીશાળતા, તો એ ઉચ્ચતાનું હું શું કરું ?

**.2.**

દરરોજ એટલે, બધું ઉંચું વીચારું છું;
હું માત્ર મારું નહી, ભલું સૌનું વીચારું છું.

આ તપ્ત રણ વીશે લખું તો શું લખું હવે ?
ભીતર પડેલ સ્વપ્નને તરસ્યું વીચારું છું.

મનની નહીં, એ ત્રુટી સમજની ગણાય છે;
પડતું વીચારે તું, ને હું ચડતું વીચારું છું.

સાંભળવું, બોલવું, કશું લખવું, જવા દે તું;
સંવાદ થાય આંખથી એવું વીચારું છું.

મેં પત્રમાં પછી સવીનય એ જ લખ્યું કે,
હું મારું, તારી ભીતરે હોવું વીચારું છું.

**.3.**

ક્યાં જુએ છે દોસ્ત, તારું ધ્યાન ક્યાં છે ?
એ જ ને કે, આ જગતમાં સ્થાન ક્યાં છે ?

કેટલી સંપત્તી તેં ભેગી કરી'તી,
આખરી મુકામ પર સામાન ક્યાં છે ?

પાન તો ખરવાનું છે એના નસીબે,
વૃક્ષનું એમાં કશે અપમાન ક્યાં છે ?

ગોળ ફરતી માછલી વીંધાશે ક્યાંથી,
તીર છે પણ દોસ્ત, એ સંધાન ક્યાં છે ?

કોઈને બસ, સાંભળીએ ધ્યાનપુર્વક,
આપણી પાસે ભલા, એ કાન ક્યાં છે ?

**.4.**

એમ મારો સ્વભાવ રાખ્યો છે,
મેંય મારો પ્રભાવ રાખ્યો છે.

સાવ ધીક્કારના આ રસ્તા પર,
પ્રેમનો મેં પડાવ રાખ્યો છે.

દોડવાનું 'ને માર્ગ ખરબચડો,
તારો તેં રખરખાવ રાખ્યો છે ?

તુંય અજવાસ થઈ જશે ક્યારેક,
કેમ, ભીતર તનાવ રાખ્યો છે ?

જે હ્રદયમાં રહે છે હંમેશાં,
મેં ગઝલમાં એ ભાવ રાખ્યો છે.

**.5.**

નથી હું છોડવાનો એ પ્રયત્નોને કદી પણ,
ભલે દીવાલને તોડી નથી શક્યો હજી પણ.

મળે જો હાથને મારા, મુલાયમ સ્પર્શ તારો;
નથી જોવી પછી આ હસ્તરેખાઓ જરી પણ.

ખરેખર માર્ગ અઘરો છે ઘણોયે સાધનાનો,
પડે છે એ બધુંયે જાણવા ઓછી સદી પણ.

થશે અહીં તોરણોમાંથી જ કૈં તહેવાર જેવું,
તમે આવી જુઓ, આવી જશે એવી ઘડી પણ.

ગમે છે તર્કથી સઘળીયે ઘટનાઓને જોવી,
ભળે જ્યાં લાગણી, ત્યાં જોઉં છું જુદું કરી પણ.

**.6.**

બસ, અમે તો ત્યાં જ ઉભા રહી ગયા આઘાતમાં,
ચાલ ચાલીને ગયા એ વાતમાં ને વાતમાં!..

ત્યાં વળી સંવેદનાની શી અપેક્ષા રાખવી ?
જ્યાં તમે જીવી રહ્યા છો પથ્થરીયા જાતમાં !

આખું જીવન તો તમે કેવી નીરાંતે ગાળ્યું છે !
તોપ ક્યાંથી ફુટવાની કહો, હવે એક રાતમાં ?

હાસ્ય કોઈના મુખે જોઈ તમે સુખ ધારો નહીં,
છે ઘણા એવા, જે આંસુ સારે છે એકાંતમાં.

વૃક્ષ તો ઝીલ્યા કરે છે રોજ તડકા, વાંસા પર;
ઈશ્વરે બસ, એટલે ટહુકા દીધા સોગાતમાં.

.7.

બધું બગડી ગયાની બુમ ના પાડો,
તમે ખુદને સુધારીને તો દેખાડો !

તમે પડનારની ચીંતા કરો છો પણ;
કદી ત્યાં હાથ દીધો છે જરા આડો ?

પછી ત્યાં પ્રેમની આશા શી રાખો છો ?
ચણી છે ખુદના ભાઈ વચ્ચે જ્યાં વાડો !

ભલે નફરતની કોદાળી ચલાવે એ,
ભરી લો પ્રેમની માટીથી એ ખાડો.

કરો નહીં રોજ નીષ્ફળતા વીશે ચીંતા,
ઉગે છે રોજ આખ્ખોયે નવો દા’ડો.

**.8.**

દર્દભીનાં આંસુ શાને પાંપણે શણગારવાનાં ?
જેટલા શ્વાસો મળ્યા, એને હૃદયથી માણવાના.

જે હકીકતમાં કદી પહેરી શકો નહીં, જીંદગીભર;
આંખની ખીંટી ઉપર એ સ્વપ્ન શાને ટાંગવાનાં ?

જીંદગી ચાલે નહીં કૈં માત્ર એવી અટકળો પર,
કે, તમે ધારો અને રસ્તા ખુલે અહીં ચાલવાના.

અન્ય ભાષાને ભલે પંપાળવા નીકળી પડ્યા સહુ,
પણ, અમે તો ગુર્જરીમાં લાગણી કંડારવાના.

જો ! ગઝલનું ગાંડપણ કેવી દશા સર્જી રહ્યું છે,
મારું મન સોગંદ લે છે, દર્દને વીસ્તારવાનાં !

**.9.**

ચમકતા સુર્યને જોવું, ખરેખર ખુબ અઘરું છે,
કોઈનું તેજ જીરવવું, ખરેખર ખુબ અઘરું છે.

હજી તો ક્યાં અમારાથી અમારું પણ થવાયું છે !
થશું બીજાના એ ક્હેવું, ખરેખર ખુબ અઘરું છે.

બહુ થાકી ગયા હો તો વીસામો લઈ શકો છો, પણ;
સદા આ માર્ગ પર ટકવું, ખરેખર ખુબ અઘરું છે.

બધું મારું, નથી કૈં તારું - એ વાતાવરણ વચ્ચે,
બધાને જોડતાં રહેવું, ખરેખર ખુબ અઘરું છે.

નજાકત ડાળમાં હોવી જરુરી છે નહીંતર તો,
આ પંખીઓનું અહીં હોવું, ખરેખર ખુબ અઘરું છે.

## .10.

થયું જે, ભલે એ અચાનક થયું છે,
અમારુંય કોઈ તો ચાહક થયું છે !

ન નક્કી હતું કંઈ, વીચારેલું પણ નહીં,
છતાં, એને મળવાનું સાર્થક થયું છે.

બધાની સમાવી શકે લાગણીઓ,
હ્દય એટલું, દોસ્ત ! વ્યાપક થયું છે.

હકીકતની સાથે પરણવું છે એને,
હવે સપનું ઉંમરને લાયક થયું છે.

સતત તુટતા પ્હાડ જોયા છે એણે,
ઝરણ બ્હાવરું ને અવાચક થયું છે.

## .11.

છાંયડાનું હું માન રાખું છું,
વૃક્ષ નીચે મકાન રાખું છું.

ધારું, હંકારું એમ નૌકાને,
હાથમાં હું સુકાન રાખું છું.

એ અલગ છે કે, તેં કહ્યું નહીં કૈં,
હું તો સરવા જ કાન રાખું છું.

ક્યાં હું પરબીડીયાને જોઉં છું ?
ફક્ત કાગળનું ધ્યાન રાખું છું.

પથ્થરોનો હું પી ગયો છું ડર,
કાચઘરની દુકાન રાખું છું.

સુનીલ શાહ

કવીના આગામી મે–2016માં પ્રગટ થનારા ગઝલસંગ્રહ
'પાંખોની દોસ્તી રાખી છે'માંથી સાભાર....

**કવીસમ્પર્ક:**
**શ્રી. સુનીલ શાહ,**
એન-101- ન્યુઝ એવન્યુ એપા., સ્નેહસંકુલ વાડીની ગલીમાં, અડાજણ, આનંદ મહલ રોડ, સુરત-395 009,
મોબાઈલ-94268 91670, ઈ.મેલ : sunilshah101@gmail.com
Blog: http://sunilshah.wordpress.com/
FB: https://www.facebook.com/sunil.shah.378199

@@@

'સન્ડે ઈ.મહેફીલ'ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com) નો ખુબ ખુબ આભાર..
– ઉત્તમ ગજ્જર

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ : અગીયારમું – અંક : 346 – 17 April, 2016
'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન : ઉત્તમ ગજ્જર uttamgajjar@gmail.com

@@@

More than **3,21,62,000** Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than **57,44,000** have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than **8,36,000** have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than **2,83,000** have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@

હવે 'સ.મ.' સાપ્તાહીક નથી રહી શકી.. તે પાક્ષીક બની છે.

2005થી સતત ચાલતી રહેલી આ બહુરંગી 'વાચનયાત્રા' હજીયે અવીરત ચાલુ જ છે. એની સઘળી રચનાઓની અગીયાર 'ઈબુક્સ' થઈ છે અને તે સઘળી મફત ડાઉનલોડ કરવા અમારી વેબસાઈટ http://gujaratilexicon.com/ebooks/ પર, http://www.ekatrafoundation.org/books/ પર અને http://aksharnaad.com/downloads/ પર પણ મુકાઈ ગઈ છે જે આપ સૌ જાણો છો.

હવે એમાંથી 80 જેટલી 'સ.મ.' તો 'કાવ્ય–ગઝલો'ની મુકાઈ ! જેમાં ગઝલો, સૉનેટ, ગીતો, મુક્તકો, અછાંદસ, હાઈકુ રચનાઓનું ભારોભાર વૈવીધ્ય છે. ગઝલરસીયા વાચકોના આગ્રહને વશ, અમે બીજી બે ઈબુક્સ 'ગઝલ–કાવ્યસૃષ્ટી'ના નામે બનાવી, તે બન્ને ઈબુક્સ હવે ફ્રી ડાઉનલોડ થઈ શકે તે માટે : પહેલી બુક http://gujaratilexicon.com/upload/ebooks/Gazal_Kavya_Colllection_Of_SeM_Part1.pdf લીંક પર અને બીજી બુક http://gujaratilexicon.com/upload/ebooks/Gazal_Kavya_Colllection_Of_SeM_Part2.pdf લીંક પર મુકી છે.. ક્લીક કરશો કે તરત જ બુક ડાઉનલોડ થવા માંડશે અને તે પછી તેને, તમે ચાહો તે સ્થળે સેવ કરી, તેમાંની સમર્થ કવીઓની હજારેક જેટલી રચનાઓ માણી શકશો.. ડાઉનલોડ ને સેવનો વીધી ન ફાવે તો મને લખજો. બન્ને બુક્સ હું તમને મોકલી આપીશ. ..ઉત્તમ.મધુ ગજ્જર.. uttamgajjar@gmail.com

@@@@@@@@@